# આંક–૧. લગત હુકમ

ફરીયાદીના વિ.વ.શ્રીને સાંભળ્યાં, ફરીયાદ, લીસ્ટ ઓફ ડોકયુમેન્ટ તથા કેસ પેપર્સ વંચાણે લીધા. ફરીયાદી તર્ફે અસલ ચેક, અસલ રીટર્ન મેમો, નોટીસ રજીસ્ટર્ડ પોસ્ટ કર્યાની અસલ સફેદ પાવતી, એકનોલેજમેન્ટ અસલ તથા અન્ય અસલ તથા ખરી નકલ તથા નકલો રજુ કરવામાં આવેલ છે. જે તમામ ધ્યાને લીધા. તકરારી ચેક, રીટર્ન મેમો તથા ફરીયાદની હકીકતો ધ્યાને લેતાં ફરીયાદીની બેન્ક અત્રેની અદાલતની હકુમતમાં આવતી હોવાનું પ્રથમદર્શનીય રીતે જણાય આવે છે. વધુમાં તકરારી ચેક, રીટર્ન મેમો, નોટીસ, એકનોલેજમેન્ટ તથા ફરીયાદની હકીકતો ધ્યાને લેતા ફરીયાદ સમયમર્યાદામાં દાખલ કરવામાં આવેલ હોવાનું જણાય આવે છે. વધુમાં ફરીયાદી તર્ફે દલીલ કરેલ છે કે તકરારી ચેકમાં જે વ્યકિતની સહી છે તેને આરોપી તરીકે જોડવામાં આવેલ છે, રેકોર્ડ જોતા ફરીયાદીએ આ હકીકત સોગંદ ઉપર જણાવેલ હોય હાલ ન માનવાને કારણ નથી. ફરીયાદી તર્ફે દલીલ કરેલ છે કે નેગો. ઈન્સ્ટુ. એકટ કલમ ૧૪૨ મુજબ આરોપી સામે ગુનાનું કોગ્નીઝન્સ લેવા પુરતો પુરાવો હોય સમયન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરવા રજુઆત કરેલ છે. આ તબકકે કલમ ૧૪૨ ધ્યાને લેવી જરૂરી છે, જે નીચે મુજબ છે.

**142 Cognizance of offences.**—Notwithstanding anything contained in the Code of Criminal Procedure, 1973 (2 of 1974)—

(a) no court shall take cognizance of any offence punishable under section 138 except upon a complaint, in writing, made by the payee or, as the case may be, the holder in due course of the cheque;

(b) such complaint is made within one month of the date on which the cause of action arises under clause (c) of the proviso to section 138:

[Provided that the cognizance of a complaint may be taken by the Court after the prescribed period, if the complainant satisfies the Court that he had sufficient cause for not making a complaint within such period.]

(c) no court inferior to that of a Metropolitan Magistrate or a Judicial Magistrate of the first class shall try any offence punishable under section 138.]

આમ, સદર જોગવાઈ ધ્યાને લેતા આરોપી સામે કલમ ૧૩૮ મુજબના ગુનાનું કોગ્નીઝન્સ લેવા પુરતો પુરાવો રેકોર્ડ પર હોય તેમજ નામદાર સર્વોચ્ચ અદાલતે ઈન્ડીયન બેન્ક એસોસીએશનના કેસમાં આપેલ માર્ગદર્શિકા ધ્યાને લઈ ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:–: હુ ક મ :–:**

આ કામે ફરીયાદીના વિ.વ.શ્રીને હકુમત, સમયમર્યાદા તથા આરોપીની સંડોવણી બાબતે સાંભળ્યા બાદ તેમજ ફરીયાદ, સોગંદનામુ તથા દ.પુ. લીસ્ટ અને સોગંદ પર જણાવેલ હકીકતોને ધ્યાને લેતા હાલની ફરીયાદમાં જણાવેલ આરોપી સામે નેગોશિયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ ૧૩૮ અન્વયે ઈન્સાફી કાર્યવાહી કરવા વ્યાજબી અને પુરતા કારણો જણાઈ આવતા હોય તેથી ઉપરમાં જણાવેલ ગુના સબબ ઈન્સાફી કાર્યવાહી થવા માટે સી.આર.પી.સી.ની કલમ ૨૦૪(એ) મુજબના સમન્સ ઈસ્યુ કરવા હુકમ કરવામાં આવે છે. આરોપીની હાજરી સુનિશ્ચિત કરવા માટે આરોપીએ પ્રથમ મુદતે હાજર થયેથી રુપિયા ૫૦૦૦/–ના સધ્ધર જામીન તથા તેટલી જ રકમનો જાતમુચરકો પણ રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે. આ ફરીયાદમાં હવે પછીની ફેર મુદત **તારીખ ૧૨/ ૦૩/૨૦૧૮** ની મુકરર કરવામાં આવે છે. આ કેસમાં સંકળાયેલ કાયદા તથા હકીકતોની તકરારો જોતા આ કેસને સમન્સ ટ્રાયેબલ રીતે ચલાવવા હુકમ કરવામાં આવે છે.

ફરીયાદપક્ષે ફરીયાદની સાથે સામેલ રાખેલ હોય તે તથા ફરીયાદપક્ષ જેના પર આધાર રાખતા હોય અને રજુ કરેલ હોય તે તમામ દસ્તાવેજોની નકલોનો એક સેટ અત્રેની કોર્ટમાં ફાઈલમાં આરોપીની નકલ તરીકે મુકવા હુકમ કરવામાં આવે છે.

આથી ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૦૨ તળેની ઈન્કવાયરી ફેસલ કરવા હુકમ કરવામાં આવે છે, ફરીયાદ રજીસ્ટરે લેવી અને તેને ફોજદારી કેસ નંબર આપવો.

આ હુકમ આજરોજ તા. ૨૨, માહે જાન્યુઆરી ૨૦૧૮નારોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કરેલ છે.

( તખતસિંહ જે. દેવડા )
એડી. ચીફ મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ,
નેગો. ઈન્સ્ટ્રુ. એકટની કોર્ટ નં.૩૨,
અમદાવાદ.
(જીજે૦૦૯૪૪)